અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ પરના અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : હસલ । ૧૦૯૪ । આઈ-૨૪ । હ-સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૮-૧૧-૧૯૯૫

વંચાણે લીધા :-

(૧) મંજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૧૦-૭૭ ના ઠરાવ ક્રમાંક : એમબીસી । ૧૦૭૬ । ૧૧૨૫ । જ.

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તા. ૧૬-૧૦-૮૨નાં ઠરાવ ક્રમાંક : એમબીસી । ૧૦૮૧ । આઈ-૧૧૩૪ । ૧૪૦ । જ.

(૩) સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૪-૪-૯૧ ના ઠરાવ ક્રમાંક : પરચ । ૧૦૯૦ । ૩૧૧૩ । જ

(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ( સમાજ કલ્યાણ પ્રભાગ ) ના તા. ૨-૭-૯૧ ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ । ૧૦૮૯ । ન.બા. ૬ । ૯૧ । જ.

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ( સમાજ કલ્યાણ પ્રભાગ ) ના તા. ૨૨-૧-૯૨ ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ । ૧૦૯૧ । ૧૬૮૭ । જ.

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૪-૨-૯૪ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ । ૧૦૮૫ । ૨૫૭૨ । ૯૩ । જ.

ઠરાવ :- અનુસૂચિત જાતિઓ અનુસૂચિત જનજાતિઓ પર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના ઈસમો દ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના અત્યાચારો સામે રાજ્યસરકાર તરફથી આમુખમાં જણાવેલ ઠરાવોથી જુદા જુદા દરે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ પર અત્યાચારો અટકાવવાનો અધિનિયમ-૧૯૮૯ (૧૯૮૯નો ૩૩મો) ની કલમ-૨૩ પેટા કલમ-૧ ની સત્તા અન્વયે તા. ૩૧-૩-૯૫ ના જાહેરનામાં ક્રમાંક : જીએસઆર । ૩૧૬ । ઈ થી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચતિ જનજાતિઓ પરના અત્યાચારો અટકાવવાના નિયમો ૧૯૯૫ ભારત સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ કરેલ છે. આ નિયમોના પરિશિષ્ટ-૧ થી રાહતની સહાયના ધોરણોની સ્કમ (ફ્રૂક્ષ્ક્ષ શ્રકૂશ્રફ્રૂ ર્ંૂર્ચંદ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ પર થતા અત્યાચારોના પ્રસંગોએ હાલમાં આપવમાં આપવામાં આવતી જુદી જુદી સહાયના ધોરણોની પ્રથા બંધ કરી ભારત સરકારે સૂચવેલ સહાયના ધોરણો અમલમાં મૂકવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે અગાઉ અપાતી નાણાંકીય સહાયની આમુખમાં દર્શાવેલ સઘળી યોજનાઓ તા. ૩૧-૩-૯૫થી રદ કરી આ ઠરાવ સાથે રાખેલ ભારત સરકારે નિયત કરેલ સહાયના દરો ( શિડયુલ મુજબ ) તા. ૩૧-૩-૯૫ થી અમલમાં મુકવા આથી ઠરાવવામાં આવે છે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧-૯-૯૫ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

૪. (૧) આ અંગે અનુસૂચિત જાતિના કિસ્સાઓનો થનાર ખર્ચ અંદાજપત્રના 'માંગણી ક્રમાંક-૯૭-સદર' ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-કેન્દ્ર પુરસ્કૃત યોજના બીસીકે-૫૭ નાગરિક એકમ (૯) સહાયક અનુદાન/ફાળા/સહાયકી/ગ' હેઠળ ઉધારવું અનેતે હેઠળ કરેલ જોગવાઈમાંથી મેળવું.

(૨) જ્યારે અનુસૂચિત જનજાતિ માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના બહાર માટે 'માંગણી નં. ૯૨-આયોજન હેઠળ મુખ્ય સદર-૨૨૨૫-અનુ. જાતિ / અનુ. જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ -૦૨-અનુ. જનજાતિનું કલ્યાણ ૮૦૦ અન્ય ખર્ચ (૬) બીસીકે-૧૬૯ નાગરિક સેલ'' અને આદિજાતિ વિસ્તારપેટા યોજના માટે માંગણી નં. ૯૫-મુખ્ય સદર-૨૨૨૫-અનુ. જાતિ / જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૫૦) બીસીકે-૧૬૯ નાગરિક સેલ'' ખાતે ઉધારવું અને જે તે વર્ષે મંજુર થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આમુખ (૨) માં આગળ જણાવેલ તા. ૬-૧૦-૮૨ ના ઠરાવમાં જણાવેલ શરત અનુસાર આ નાણાંકીય સહાય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઈસમોને પોતાની જ જાતિ વચ્ચેના અંદરોઅંદર અથડામણ (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જાતિ વચ્ચેની અથડામણ હોય તો પણ) મેળવાપાત્ર થશે નહિ, તથા રીઢા ગુનેગાર કે ફોજદારી ગુનેગારોને પણ મેળવાપાત્ર થશે નહી. તેમ છતાં આવી વ્યક્તિઓ રીઢા ગુનેગાર કે ફોજદારી ગુનેગાર છે એ બહાને જેમને સહાય મળવવાપાત્ર છે. તેમને ન મળે તેવું અર્થઘટન ન થાય અને સહાય મળે તે જોવાનું જોઈએ. રીઢા ગુનેગાર હોય અને એ કોર્ટમાં સાહિત થઈને શિક્ષા પામેલા હોય તો જ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર થશે નહિ.
મૃત્યુના કેસમાં કાયદેસર વારસદાર કે નાણાંકીય સહાય મેળવવાપાત્ર થતા હોય તેને જ સહાય મળશે.

૬. અત્યાચારનો ભોગ બનનાર અનુ. જાતિ કે જનજાતિના ઈસમ પરપ્રાંતના હોય અથવા ભોગ બનનાર અનુ.જાતિ કે જનજાતિના ઈસમ ગુજરાત રાજ્યના હોય અને આરોપી અનુ.જાતિ / જનજાતિના પરપ્રાંતના હોય પરંતુ ગુજરાત રાજ્યમાં તેનો સમાવેશ અનુ.જાતિ કે અનુ.જનજાતિમાં થતો ન હોયતો આવા બનાવોમાં નાણાંકીય સહાય મળવાપાત્ર થશે નહિ.
ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. મ. પરમાર
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

બિડાણ : શિડયુલ-૧.

## જોડાણ - ૧

## અનુસૂચિ

### (જુઓ નિયમ ૧૨ (૪))

### રાહતની રકમ માટેનાં ધોરણો

| ક્રમ | ગુનાનું નામ | રાહતની ન્યુનતમ રકમ |
|---|---|---|
| ૧. | અખાદ્ય અથવા હાનીકારક પદાર્થ-પીણું ખાવા પીવા બાબત (કલમ ૩ (૧) (૧) | અત્યાચારનો ભોગ બનેલી દરેક વ્યક્તિને ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે તેમજ તેને સહન કરેલ અનાદર, અપમાન ઈજા અને બદનક્ષીનાં પ્રમાણમાં રૂા. ૨૫,૦૦૦/- કે તેથી વધુની ચુકવણી નીચે પ્રમાણે કરવી (૧) અદાલતમાં તહોમતનામુ રજુ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા (૨) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૭૫ ટકા |
| ૨. | ઈજા અપમાન અથવા પજવણી થવા બાબત. કલમ ૩ (૧) (૨) | - |
| ૩. | માનહાનિ કરનાર કૃત્ય કલમ ૩ (૧) (૩) | - |
| ૪. | ગેરકાયદે જમીનનો ભોગવટો અથવા ખેતી વગેરે કલમ ૩ (૧) (૪) | ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે ઓછામાં ઓછુ રૂા. ૨૫,૦૦૦ કે તેથી વધુ જમીન - જગ્યા - પાણી પુરવઠો જરૂરી હોય ત્યાં સરકારી ખર્ચે પુર્નવત કરવાનાં રહેશે. અદાલતમાં તહોમતનામુ રજુ કરવામાં આવે ત્યારે સંપૂર્ણ ચુકવણી કરવાની રહેશે. |
| ૫. | જમીન, જગ્યા અને પાણી સબંધિત કલમ ૩ (૧) (૫) | - |
| ૬. | વેઠ, બળજબરી પૂર્વકની કે બંધન યુક્ત મજુરી કલમ ૩ (૧) (૬) | ભોગ બનેલ પ્રત્યેક વ્યક્તિને ઓછામાં ઓછુ રૂા. ૨૫,૦૦૦/- પ્રથમ માહિતી અહેવાલના તબક્કે ૨૫ ટકા અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતા ૭૫ ટકાની રકમની ચુકવણી. |
| ૭. | મતાધિકાર સંબંધી કલમ ૩ (૧) (૭) | ગુનાના પ્રકાર અને તેની ગંભીરતાના આધારે ભોગ બનેલ પ્રત્યેક વ્યક્તિને રૂા. ૨૦,૦૦૦ સુધી |
| ૮. | ખોટી દ્વેષપૂર્ણ અથવા પરેશાનીભરી કાનુની કાર્યવાહી કલમ ૩ (૧) (૮) | આરોપીનો મુકદમો પૂરો થયા બાદ રૂા. ૨૫,૦૦૦ અથવા કાનુની કાર્યવાહી માટે થયેલ ખરેખર ખર્ચ અને નુકશાનીની ભરપાઈ એ પૈકી જે ઓછુ હોય તે |

| | |
|---|---|
| ૯. ખોટી અને ક્ષુલ્લક માહિતી<br>કલમ ૩ (૧) (૯) | - ઉપર મુજબ - |
| ૧૦. અપમાન, ધાકધમકી અને માનભંગ<br>કલમ ૩ (૧) (૧૦) | ગુનાના પ્રકારના આધારે ભોગ બનેલ પ્રત્યેક વ્યક્તિને રૂ. ૨૫,૦૦૦ સુધી અદાલતને તહોમતનામું રજુ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા રકમ અને ગુનો સાબિત થતા બાકીની રકમની ચુકવણી |
| ૧૧. સ્ત્રીનો શીલભંગ<br>કલમ ૩ (૧) (૧૧) | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને રૂ. ૫૦,૦૦૦, ૫૦ ટકા રકમ તબીબી પરિક્ષણ થયા પછી અને બાકીની ૫૦ ટકા રકમ મુકદમો પૂરો થયે ચુકવણી. |
| ૧૨. સ્ત્રીનું જાતિય શોષણ<br>કલમ ૩ (૧) (૧૨) | |
| ૧૩. પાણી ગંદુ કરવું<br>કલમ ૩ (૧) (૧૩) | રૂ. ૧,૦૦,૦૦૦ સુધી અથવા પાણી ગંદુ કરવામાં આવ્યુ હોય તેવા સંજોગોમાં તે શુદ્ધ કરવા સહિતની સામાન્ય સવલત પૂર્વવત કરવા માટેનું પૂરેપૂરૂ ખર્ચ, જિલ્લા વહિવટી તંત્ર જેને ઉચિત જણાય તે તબક્કે ચુકવણી કરી શકશે. |
| ૧૪. પરંપરાગત માર્ગાધિકારનો ઈન્કાર<br>કલમ ૩ (૧) (૧૪) | રૂ. ૧,૦૦,૦૦૦ સુધી અથવા માર્ગાધિકાર પાછો મેળવવા અંગેનું પુરૂ ખર્ચ અને જો કોઈ નુકશાન થયુ હોય તો તે પેટે પૂરૂ વળતર. અદાલતમાં તહોમતનામું રજુ કરવામાં આવે ત્યારે ૫૦ ટકા રકમની ચુકવણી |
| ૧૫. રહેઠાણો તારાજ કરવા<br>કલમ ૩ (૧) (૧૫) | ભોગ બનેલ દરેક વ્યક્તિને જગ્યાની ફેર સોંપણી તેના રહેવાના હક્કનું પુનઃસ્થાપન અને રૂ. ૨૫,૦૦૦ નું વળતર અને મકાન તારાજ કરવામાં આવ્યુ હોય તો સરકારી ખર્ચે તેનું પુનઃબાંધકામ. નીચલી અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે સંપૂર્ણ રકમ ચુકવવાની રહેશે. |
| ૧૬. ખોટા પુરાવા આપવા<br>કલમ ૩ (૨) (૧) અને (૨) | ઓછામાં ઓછું રૂ. ૧,૦૦,૦૦૦ અથવા થયેલ નુકશાન અથવા હાનિ માટે પૂરૂ વળતર. ૫૦ ટકા રકમ અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ નીચલી અદાલતમાં ગુના સાબિત થતા ચુકવવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૧૭. | ભારતિય દંડ સંહિતા હેઠળ ૧૦ વર્ષ કે તેથી વધુ મુદ્દત માટેની કેદની સજા કરવાપાત્ર ગુના કરવા.<br>કલમ ૩ (૨) (૫) | ભોગ બનેલ દરેક વ્યક્તિને અને /અથવા તેનાં આશ્રિતોને ગુનાના પ્રકાર અને ગંભીરતાનાં આધારે ઓછામાં ઓછુ રૂા. ૫૦,૦૦૦ અનુસૂચિ માં ઓછું અન્યથા નિર્દિષ્ટ રીતે જોગવાઇ કરવામાં આવી હોય તો રકમમાં ફેરફાર થશે. |
| ૧૮. | રાજ્યસેવાનાં કર્મચારી પક્ષે કિન્નાખોરી<br>કલમ ૩ (૨) (૮) | થયેલ હાનિ અથવા નુકશાન કે ઇજા અંગે પૂરૂ વળતર. ૫૦ ટકા રકમ અદાલતમાં તહોમત નામુ રજુ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ નીચની અદાલતમાં ગુનો સાબિત થતાં ચુકવવાની રહેશે. |
| ૧૯. | અશક્તતા, શારીરિક અને માનસિક અશક્તતાની વ્યાખ્યા<br>ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનાં તા. ૬-૮-૧૯૮૬નાં વખતો વખત સુધાર્યા પ્રમાણેનાં જાહેરનામા નં. ૪-૨ । ૮૩ એચ ડબ્લ્યુ-૩માં આપવામાં આવી છે.<br>જાહેર નામાની કલમ જોડાણ-૨ માં આપી છે. | - |
| (ક) | ૧૦૦ ટકા અશક્તતા<br>(૧) પરિવારના બીનકમાઉ સભ્ય | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને ઓછામાં ઓછુ ૧,૦૦,૦૦૦ , ૫૦ ટકા રકમ પ્રથમ માહિતી અહેવા વખતે ૨૫ ટકા રકમ તહોમતનામા વખતે અને ૨૫ ટકા રકમ નીચલી અદાલતમાં ગુના-સાબીત થતા. |
| | (૨) પરિવારના કમાઉ સભ્ય | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને ઓછામાં ઓછું રૂા. ૨,૦૦,૦૦૦/-, ૫૦ ટકા રકમ, પ્રથમ માહિતી અહેવાલ - તબીબી પરિક્ષણના તબક્કે, ૨૫ ટકા રકમ, અદાલતમાં તહોમતનામું રજુ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુનો સાબિત થતા ચુકવવાની રહેશે. |
| (ખ) | ૧૦૦ ટકા કરતા ઓછી અશક્તતા | ઉપર ક (૧) અને (૨) માં ઠરાવેલા દરો અનુરૂપ પ્રમાણમાં, ઘટાડવાના રહેશે. જ્યારે ચુકવણીના તબક્કા તેજ રહેશે. આમ છતાં પરિવારના બીન કમાઉ સભ્ય માટે ઓછામાં ઓછુ રૂા. ૧૫,૦૦૦ અને કમાઉ સભ્ય માટે ઓછામાં રૂા. ૩૦,૦૦૦ ની રાહત રકમ રહેશે. |

| | | |
|---|---|---|
| ૨૦. | ખૂન-મૃત્યુ | |
| | (ક) પરિવારના બિન-કમાઉ સભ્ય | દરેક કેસમાં ઓછામાં ઓછા રૂા. ૧,૦૦,૦૦૦ શબ પરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતા ૨૫ ટકા રકમની ચુકવણી |
| | (ખ) પરિવારનાં કમાઉ સભ્ય | દરેક કેસમાં ઓછામાં ઓછા રૂા. ૨,૦૦,૦૦૦ શબ પરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નિચલી અદાલતમાં ગુનો સાબિત થતા ૨૫ ટકા રકમની ચુકવણી |
| ૨૧. | ખૂન, મૃત્યુ, કત્લેઆમ, બળાત્કાર, સામૂહિક બળાત્કાર અને ગેંગ બળાત્કાર કાયમી અશક્તતા અને લૂંટનાં ભોગ બનેલ વ્યક્તિ | ઉપર્યુક્ત બાબતો અન્વયે ચૂકવેલ રાહત રકમ ઉપરાંત અત્યાચારની તારીખથી ત્રણ મહિનામાં નીચે જણાવ્યા પ્રમાણે રાહત માટેની વ્યવસ્થા કરવી.<br>(૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની મૃત વ્યક્તિની વિધવા અને / અથવા અન્ય આશ્રિતો દરેકને માસિક રૂા. ૧,૦૦૦/- ના દરે પેન્શન અથવા મૃતકના પરિવારના એક સભ્યને રોજગાર અથવા જરૂર જણાયતો તાત્કાલિક ખરિદી કરીને પણ ખેતીની જમીન, મકાનની જોગવાઈ<br>(૨) ભોગ બનેલા વ્યક્તિના બાળકોનાં શિક્ષણ અને નિર્વાહનું પુરૂ ખર્ચ, બાળકોને આશ્રમશાળાઓ / નિવાસી શાળાઓમાં દાખલ કરી શકાય<br>(૩) ત્રણ મહિનાના સમયગાળા માટે વાસણો ચોખા, ઘઉ, દાળ, કઠોળ વગેરેની જોગવાઈ |
| ૨૨. | સંપૂર્ણ પણેતોડી પાડેલા/ બાળી નાખેલા ઘર | ઘરો બાળી નાંખવામા કે તોડી પાડવામાં આવ્યા હોય તો સરકારના ખર્ચે ઇંટ-પથ્થરના ચણતરવાળી ઘરો બાંધવા કે પુરા પાડવાં. |